ગાંધીનગર સમાચાર

તા. ૮-૭-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### ઝારખંડનું સમાધાન : કોંગ્રેસની મજબૂરી

રાહુલ ગાંધીએ પક્ષનાં સૂત્રો સંભાળી લીધા પછી આગામી સમયમાં આવી રહેલી વિવિધ રાજ્યોની ચૂંટણીઓમાં સારો દેખાવ કરવાની વ્યૂહરચના વિવિધ સ્તરે ગોઠવાતી જોવા મળે છે. અનેક આક્ષેપો અને સમસ્યાઓનો સામનો કરી રહેલી કોંગ્રેસ માટે એક તરફ નરેન્દ્ર મોદી જેવી વિરાટ રાજકીય પ્રતિભાનો પડકાર ઊભો થયો છે તો બીજી તરફ એના પગ નીચેથી ધરતી સરકી જાય એવાં એક થી એક ચડિયાતાં કૌભાંડો બહાર આવી ચૂક્યાં છે. ઓછામાં પૂરી સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારનો વારંવાર ઊધડો લેતી રહે છે. ઉત્તરાખંડની કુદરતી આફત કંઈ કોંગ્રેસ પ્રેરિત નહોતી, પરંતુ હાલ ત્યાં કોંગ્રેસનું શાસન ચાલી રહેલ હોઈ છીંડે ચડ્યો તે ચોર એ ન્યાયે કોંગ્રેસ સરકાર પર માછલાં ધોવાની ભાજપ સહિત તમામ પાર્ટીઓને તક મળી ગઈ છે. કોંગ્રેસને સામે પૂરે તરવાનું છે એની ખાતરી સોનિયા-રાહુલથી લઈ એના અદના ગ્રાસરૂટ કાર્યકર્તાને પણ થઈ ગયેલ છે. આથી જ્યારે એક તરફ નરેન્દ્ર મોદી પ્રત્યેની સૂગને કારણે જદ(યુ) જેવા મહત્ત્વના સાથીએ અલગ થઈ જવાનું પસંદ કર્યું છે અને અડવાણીથી લઈ સુષમા સ્વરાજ અને શિવસેના જેવા હિંદુત્વને વરેલા પ્રાદેશિક પક્ષના કર્ણધાર ઉદ્ધવ ઠાકરે સુધીના અગ્રણીઓ એનડીએના કમઠાણને વધુને વધુ નબળું પાડવાની હરીફાઈમાં પડ્યા છે ત્યારે કોંગ્રેસ એ તકને વટાવી લઈ યુપીએ ગઠબંધનમાં વધુને વધુ પ્રાદેશિક પાર્ટીઓને જોડવાની કોશિશ કરી રહેલ છે. ઝારખંડના વિવાદાસ્પદ આદિવાસી નેતા શિબુ સોરેન સાથે જોડાણ કરવાનું સૈદ્ધાંતિક ધોરણે નહીં ગમતું હોવા છતાં કોંગ્રેસ એ દિશામાં આગળ વધી છે. બાબુલાલ મરાન્ડી સાથેનું જોડાણ તૂટી ગયા પછી કોંગ્રેસ આ વનવાસી પ્રદેશમાં કોઈ મજબૂત સાથીદારની તલાશમાં પહેલાંથી જ હતી. ભાજપ સાથેના જોડાણથી મુક્ત થઈ ગયેલા ઝારખંડ મુક્તિ મોરચો હવે પાછો કોંગ્રેસ સાથે નાતરું કરવા તૈયાર થયો છે. શિબુ સોરેન ઝારખંડના સ્વતંત્ર રાજયની માગણીના લડવૈયા નેતા છે. એમની આદિવાસી પ્રજાના તેઓ આદરણીય 'ગુરુજી' છે. આ નામથી તેઓ આખા પ્રદેશમાં જાણીતા છે. શિબુ સોરેન રાજકીય સાંઠગાંઠમાં માહેર છે. એ કોઈની શેહશરમ નથી રાખતા અને પોતાની મોં માગી કિંમત વસૂલી શકે છે. કોંગ્રેસની 'લઘુમતી' નરસિંહરાવ સરકારને પાંચ વર્ષ ટકાવવા માટે એમણે મદદ કરેલી એથી સરકાર બચી તો ગયેલી પરંતુ ભોળા શિબુ સોરેને મદદના બદલામાં મેળવેલા નાણાં સીધાં જ ખાતામાં જમા કરાવતાં પોલ ખૂલી ગઈ હતી. એથી નરસિંહરાવ જેવા વરિષ્ઠ રાજનેતા માટે ઘણી શરમજનક સ્થિતિમાં મુકાવું પડેલું. ભ્રષ્ટાચાર એ ઝામુમો માટે શિષ્ટાચાર બની ગયો છે. શિબુનો રાજકીય વારસો એમના પુત્ર હેમંત સોરેન નિભાવી રહ્યા છે. એમને પણ ગઠબંધનની રાજનીતિ ફાવી ગઈ છે. કેન્દ્રીય મંત્રીપદું અને રાજ્યનું મુખ્યમંત્રી પદ ભોગવી લીધા પછી વયોવૃદ્ધ પિતા હવે પુત્રને મુખ્યમંત્રી પદે જોવા ઈચ્છે તે સ્વાભાવિક છે. અગાઉ ભાજપની ભાગીદારીમાં નાયબ મુખ્યમંત્રી બની ચૂકેલા યુવા નેતાને કોંગ્રેસે ઝારખંડમાં સત્તા રચવા દેવા માટે લીલી ઝંડી આપી દીધી છે. સોદાબાજીમાં કોંગ્રેસ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ઝારખંડની કુલ ચૌદ પૈકીની દસ બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખશે અને ઝામુમો માત્ર ચાર બેઠકો લડશે. કોંગ્રેસ કોઈપણ ભોગે એક એક કરીને લોકસભામાં એની બેઠક સંખ્યા વધારવાની રણનીતિ અપનાવી રહી છે. અન્યત્ર થનાર નુકસાનને એ નીતીશકુમાર અને શિબુ સોરેન જેવા નવા સાથીઓની મદદ લઈ ભરપાઈ કરવા સંકલ્પ બદ્ધ છે. સોનિયા ગાંધીને નૈતિક મૂલ્યોનું ધોવાણ હરગિજ પસંદ નથી, એની પ્રતીતિ ઝાઝુમો સાથેના જોડાણના મુદ્દે એમની નારાજગીથી થયા વિના રહેતી નથી. સંભવિત મુખ્યમંત્રી હેમંત સોરેન બે દિવસ એમની મુલાકાત માટે ધોખતા રહ્યા પણ એમને સોનિયા ગાંધીએ ન જ બોલાવ્યા. જો કે સંગઠનના પ્રભારીઓએ બધી બાજી ગોઠવી દીધી છે, તેમ છતાં શિબુ અને હેમંત ક્યારે કેવી ગુલાંટ મારશે એ તો બ્રહ્માજી પણ કળી શકે એમ નથી. આ છે આપણા રાજકારણની અને લોકશાહીની તાસીર!

# એન. આઈ. એફ. ડી. સંસ્થામાં સ્વરોજગારલક્ષી ૧૮ અભ્યાસક્રમો

ગાંધીનગર, તા.૭

સ્વરોજગારલક્ષી નાના કદના ધંધાકીય સાહસો માટે યુવા સાહસિકોને તૈયાર કરવા કેન્દ્ર સરકાર હસ્તકની કોર્પોરેટ સંસ્થા દ્વારા ગાંધીનગરની એન.આઈ.એફ.ડી. સંસ્થાના ડાયરેકટર અને યુવા સાહસિક નીતા ભટ્ટની પસંદગી કરવામાં આવી છે.

દેશમાં બેરોજગારી દિનપ્રતિદિન વધતી જાય છે એમાં પણ શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં થતો વધારો ચિંતાજનક છે. દેશના જુદા જુદા રાજયોમાં સ્વરોગારીની તકો વધારવા નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર એન્ટરપ્રન્યોરશીપ એન્ડ સ્મોલ બિઝનેશ ડેવલપમેન્ટે યુવા સાહસિકોને પસંદ કર્યા છે. આવા યુવા સાહસિકોને તૈયાર કરી અને વિવિધ વ્યવસાયોને લગતી માહિતી આપવા અને આવા વ્યવસાયોના વિકાસ માટે તાલીમ આપવા ગાંધીનગરના યુવા સાહસિક નીતા ભટ્ટની આ બાબતે પસંદગી કરવામાં આવી છે. જેઓએ પોતાની એન.આઈ.એફ.ડી. સંસ્થામાં કેન્દ્ર સરકાર હસ્તકની સંસ્થા દ્વારા માન્ય એવા અઢાર જેટલા સ્વરોગારલક્ષી અભ્યાસક્રમો શરુ કરેલ છે જેમાં કેન્દ્ર સરકારની સંસ્થા પોતાનો સહયોગ આપે છે. સ્વરોજગાર લક્ષી વિવિધ અભ્યાસક્રમો જેવા કે ફેશન ડિઝાઈન, ટેક્ષટાઈલ્સ ડીઝાઈન, ઈન્ટીરીયર ડિઝાઈન, જવેલરી ડિઝાઈન, એસેસરી ડિઝાઈન, પેટર્ન મેકીંગ, નેશનલ એમ્બ્રોયડરી, એનીમેશન ગ્રાફીકસ, નીટવેર જેવા અભ્યાસક્રમો દ્વારા યુવાન યુવતીઓ પોતાનો વ્યવસાય ચાલુ કરી શકશે અને તેમાં કેન્દ્ર સરકારની આ સંસ્થા જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપશે. પાટનગર ગાંધીનગરમાં શ્રીમતી નીતા ભટ્ટના સંચાલક પદે ચાલતી એન.આઈ.એફ.ડી. સંસ્થા સેકટર-૧૧ ખાતે સુમન ટાવરમાં કાર્યરત છે.

## સ્કૂલ ફોર એકસલન્સમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલી સ્કૂલ ફોર એકસલન્સમાં તાજેતરમાં અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમમાં ત્રણ વિભાગમાં ચિત્ર સ્પર્ધાનું સુંદર આયોજન થઈ ગયું. સ્પર્ધામાં શાળાના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ રંગોની મહેફિલ સજાવી હતી.

શાળાના આચાર્યા મમતાબેન વાઘેલાના માર્ગદર્શન હેઠળ રાજુભાઈ પટેલ અને શિક્ષકગણે ધોરણ ૧ થી ૪ પ્રથમ વિભાગ, ધોરણ ૫ થી ૭ બીજો વિભાગ અને ધોરણ ૮ થી ૧૨ ત્રીજો વિભાગ એમ ત્રણ ગૃપમાં ચિત્ર સ્પર્ધા યોજી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં પોતાને મન ગમતા ચિત્રો દોરી સુંદર રંગોની માવજત સાથે પ્રતિકૃતિ સજાવી હતી. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ જુદી જુદી ડિઝાઈનો પોતાના કૌશલ્યથી કાગળ પર ચિત્રિત કરી હતી. શાળાના નિષ્પક્ષ અને તટસ્થ નિર્ણાયકો દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યો હતો. શાળાના મેનેજીંગ ડિરેકટર વિશ્વબંધુભાઈ પટેલે વિજેતા વિદ્યાર્થીઓને આ પ્રસંગે અભિનંદન આપી સપ્તરંગી સ્વપ્નો સાથે જીવનને પણ આનંદમય તથા ઉન્નત બનાવવા આશીર્વચન પાઠવ્યા હતા.

**પરમિટ, રજિસ્ટ્રેશન, ફિટનેસ સર્ટિ. વગર હંકારતા**

## વાન અને સ્કુલ રિક્ષાચાલકો સામે આરટીઓ અભિયાન

અમદાવાદ, તા.૦૭

અમદાવાદ આરટીઓ દ્વારા રજિસ્ટ્રેશન ફિટનેસ સર્ટિફિકેટ પરમિટ વગરના સ્કુલવાન અને સ્કુલ રિક્ષાને ઝડપીને દંડ ફટકારી ડિટેઈન કરવાના અભિયાનમાં આરટીઓએ ૨૫ વાન અને રિક્ષા ઝડપીને ડિટેઈન કરી દંડ ફટકાર્યો છે. આ અભિયાનના પગલે ૧૦૦ જેટલા વાહન ચાલકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. શૈક્ષણિક સત્ર શરૂ થયાના થોડા જ સમયમાં અમદાવાદ આરટીઓએ સ્કુલવાન અને સ્કુલ રિક્ષાચાલકોને ફિટનેસ સર્ટિફિકેટ, પરમિટ અને રજિસ્ટ્રેશન કરાવી લેવા ૩૦ જુન સુધી અલ્ટિમેટમ આપ્યું હતું. અલ્ટિમેટમ પુરૂં થતાં આરટીઓ અભિયાન હાથ ધર્યું છે. અમદાવાદમાં હાલ ૫૦૦૦ સ્કુલવાન અને ૬૫૦૦ જેટલી સ્કુલરિક્ષા છે. જેમાં ફક્ત ૩૦૦૦ વાન અને રિક્ષાચાલકો એ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

આરટીઓએ તમામ વાહનચાલકોને રજીસ્ટ્રેશન અને પરમિટ મેળવી લેવા ૩૦ જૂન સુધી અલ્ટિમેટમ આપ્યું હતું. ત્યારબાદ ૨ જુલાઈથી આરટીઓએ પરમિટ અને રજીસ્ટ્રેશન વગર વાન અને સ્કુલ રિક્ષા હંકારતા વાહન ચાલકો વિરૂદ્ધ અભિયાન હાથ ધર્યું છે. આરટીઓએ અત્યાર સુધી ૨૫ વાન અને સ્કુલ રિક્ષાઓને રજિસ્ટ્રેશન અને પરમિટ વગર ડિટેઈન કરી દંડ ફટકાર્યો છે આરટીઓ આ ઝુંબેશને પગલે ૧૦૦ નવા સ્કુલ વાન અને સ્કુલ રિક્ષાચાલકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. સૂત્રોની જાણકારી અનુસાર આરટીઓ દ્વારા આ અભિયાન આગામી સમયમાં પણ ચાલુ રહેશે અને પરમિટ, રજિસ્ટ્રેશન અને ફિટનેસ સર્ટિફિકેટ વગર હંકારતા વાન અને સ્કુલરિક્ષા અને ડિટેઈન કરી દંડ ફટકારવામાં આવશે. આરટીઓના આ અભિયાનથી વાન અને સ્કુલ રિક્ષાચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# લેખક પાટણનો પર્યાય અને હરતી ફરતી યુનિવર્સિટી છે : આનંદીબેન પટેલ

### પ્રા. શ્રી મુકુંદભાઈ પી. બ્રહ્મક્ષત્રિય લિખિત ગ્રંથ 'પાટણ મંદિરોની નગરી'નું વિમોચન

અમદાવાદ, તા.૭

પ્રા. શ્રી મુકુંદભાઈ પી. બ્રહ્મક્ષત્રિય લિખિત ગ્રંથ 'પાટણ મંદિરોની નગરી'નું લોકાર્પણ કરતાં મહેસૂલ મંત્રી શ્રી આનંદીબેન પટેલે જણાવ્યું કે લેખક શ્રી મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિય પાટણનો પર્યાય છે અને હરતી ફરતી યુનિવર્સિટી છે. યુનિવર્સિટીના ભવનોમાં જે જ્ઞાન ઉપલબ્ધ ન હોય તેવું તમામ જ્ઞાન લેખક સંગ્રહિત કરી બેઠાં છે તેમ તેમણે જણાવ્યું હતું.

આપણો સંસ્કાર વારસો આગળ ધપાવવા માટે જ્ઞાન અને માહિતી પુરી પાડતાં પુસ્તકો જરુરી છે. આ પુસ્તકો જ આપણી સંસ્કૃતિને આગળ ધપાવવાનું કાર્ય કરશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

પુસ્તક દરેક ઘરમાં હોવું જોઈએ તેમ જણાવી મંત્રીશ્રીએ જણાવ્યું કે સમારંભોમાં મોમેન્ટો અર્પણ કરવાની પ્રણાલીને બદલે હવે પુસ્તકો સ્વીકારવાની પ્રણાલી ઉભી કરી છે. તેમણે ઘર ઘરમાં લાયબ્રેરી ઉભી કરવા ઉપસ્થિત લોકોને અનુરોધ કર્યો હતો સંસ્કાર વર્ધન માટે સરકારે 'વાંચે ગુજરાત' જેવું અભિયાન ઉપાડયું છે તેની ભૂમિકા મંત્રીશ્રીએ આ પ્રસંગે આપી લેખકને આવું માહિતીસભર પુસ્તક આપવા બદલ અભિનંદન આપ્યા હતાં.

પાટણના ધારાસભ્ય શ્રી રણછોડભાઈ રબારીએ જણાવ્યું કે કવિની મથામણોમાંથી જ નવનીત નિપજે છે. પ્રો. શ્રી મુકુંદભાઈ પી. બ્રહ્મક્ષત્રિય વિશે તેમણે જણાવ્યું કે લેખક પાટણ શહેરની રજકણોનો બનલાં છે તેમણે જણાવ્યું કે લેખકે પાટણની ધૂળને પચાવી છે પાટણને આત્મીયભાવથી પચાવ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

લેખક શ્રી મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિયે આ પ્રસંગે જણાવ્યું કે પાટણ હિન્દુ માટે ધર્મસ્થાન, મુસ્લિમો માટે ધક્કા અને જૈનો માટે પિયર છે. પાટણ એવું નગર છે જયાં સ્ટેશનથી નિકળતાં દરેક પાંચ મિનિટે મંદિર જોવા મળે છે. ત્યારે મંદિરોની વિશેષતા ઈતિહાસ તથા તેની નાનામાં નાની બાબતો હવે પછીની પેઢીને જાણવા મળે તે ઉદ્દેશથી ખૂબ જ મથામણ બાદ ૨૫૦ મંદિરોની તસવીરો તથા ઈતિહાસ દર્શાવતું આ પુસ્તક રહ્યું છે.

લેખકને ૨૦ હજારથી વધુ હાઈકુ લખવાનો વર્લ્ડ રેકોર્ડ સર્જવા માટે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા દ્વારા પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા.

૮૩ વર્ષની ઉંમરના લેખકનું આ ૫૩મું પુસ્તક છે. લેખકને પાટણ રત્ન અને હાઈકુ સમ્રાટનો એવોર્ડ પણ મળેલો છે અને તેમની લેખન યાત્રા અવિરત ચાલુ છે. તેમણે ૨૫ હજાર હાઈકુ લખવાનો સંકલ્પ પણ આ પ્રસંગે વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે એચ.કે. આર્ટસ કોલેજના આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે લેખકે પાટણનો પગપાળા પ્રવાસ કરીને આ પુસ્તક લખ્યું છે. તેમણે દરેક મંદિરની વિશેષતાઓ, મૂર્તિઓ તેની અંગભંગીઓ વગેરે વિશેની ઝીણામાં ઝીણી વિગતો પુસ્તકમાં ઝીલી છે તેમ તેમણે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા ઈતિહાસકાર રિઝવાન કાદરીએ કર્યું હતું અને આભારવિધિ ગુજરાત ઈતિહાસ પરિષદના શ્રી જગદીશ ચૌધરીએ કરી હતી. આ પ્રસંગે લેખકના સ્વજનો, સ્નહીજનો, શહેરના લબ્ધપ્રતિષ્ઠ લેખકો, સાહિત્ય રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# દરેક જિલ્લામાં માત્ર એક કેન્દ્ર અપાતા વિદ્યાર્થી ખફા

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા ૧૧મી જુલાઈએ યોજાશે**

અમદાવાદ, તા.૦૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા આગામી ૧૧મી જુલાઈએ લેવામાં આવનાર છે. આ પુરક પરીક્ષા આપવા માટે રાજ્યમાંથી કુલ બે લાખ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. જો કે પુરક પરીક્ષા માટે બોર્ડ દ્વારા દરેક જિલ્લામાં એક જ પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવતા વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી શકે છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૦માં બે વિષયોમાં અને ધોરણ-૧૨માં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે આગામી ૧૧ જુલાઈએ શિક્ષણ બોર્ડ દ્વારા પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસ ચાલનારી આ પુરક પરીક્ષા દિવસમાં બે ભાગમાં લેવાશે. આ પુરક પરીક્ષા માટે ધોરણ-૧૦માં એક લાખ અને ધોરણ-૧૨માં એક લાખ એમ કુલ મળીને બે લાખ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. જેને ધ્યાનમાં રાખી શિક્ષણ બોર્ડ વિદ્યાર્થીઓનો બેઠક વ્યવસ્થા ફાળવવી, સુપર વાઈઝરની નિમણંક સહીતની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પુરક પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતી ના આચરાય તે માટે દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર એક ઉચ્ચ અધિકારી મોનેટરીંગ કરે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવી છે. જો કે પુરક પરીક્ષા માટે દરેક જિલ્લામાં એક જ કેન્દ્ર ફાળવવામાં આવ્યું હોવાથી વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી શકે છે. એવરીપાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને પુરક પરીક્ષા આપવા માટે જિલ્લા કેન્દ્રો સુધી લાંબા થવું પડશે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટેની પુરક પરીક્ષામાં અરજી કરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ચુકી છે.

દરમિયાન ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા માટે અરજી કરનાર વિદ્યાર્થીઓની હોલ ટીકીટો, શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવી છે. વિદ્યાર્થીઓ વેબસાઈટ ઉપર લોગઈન કરી માર્ચ ૨૦૧૩ની પરીક્ષાનો બેઠક નંબર એન્ટર કરી હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકશે. વિદ્યાર્થીઓએ આ હોલ ટીકીટ ઉપર ફોટો ચોટાડી પોતાની શાળાના આચાર્યનો સહી-સિક્કા કરાવી પરીક્ષા સમયે હોલટીકીટનો ઉપયોગ કરી શકશે. હોલટીકીટ વગરના વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

## એસ.જી. પ્રાયમરી સ્કૂલમાં ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.ડી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં તાજેતરમાં ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન સુંદર રીતે ઉજવવામાં આવી હતી. શાળાના સવાર પાળી અને બપોર પાળીના ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં સુંદર વેષભૂષા સાથે આવી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યા હતા.

શાળાના આચાર્યાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ હતી. ધોરણ ૧ થી ૪માંથી ૪૨ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિવિધ વેશભૂષામાં સજજ થઈ સમગ્ર સ્પર્ધાને બાળકોએ સપ્તરંગી બનાવી દીધી હતી. ધોરણ-૧ થી ૪ના બાળકોએ આ સ્પર્ધામાં બાળકોએ આસોપાલવ, લીમડો, આંબો, ટમાટર, કેળા વગેરેની વેશભૂષા સુંદર રીતે સજજ થઈ મોહક ભાષામાં સ્પીચ આપી પોતાની અભિવ્યક્તિ કરી હતી. બાળકોની સુંદર અભિવ્યક્તિ અને વેશભૂષાને ધ્યાનમાં રાખી નિર્ણાયક શિક્ષકો હિંમતસિંહ, સુપર્ણાબેન અને માલતીબેને નિષ્પક્ષ નિર્ણય આપ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા શ્વેતા શર્માએ અભિનંદન પાઠવ્યા છે. સમગ્ર સ્પર્ધાનું સફળ સંચાલન નેહલબેન અને સુખરામભાઈએ સફળ રીતે કર્યુ હતું.

# વિચારોની મલિનતા સંબંધો બગાડે છે.. અને એકવાર સંબંધ બગડ્યા પછી બધુ ખરાબ જ લાગે છે

## સમાજ ચિંતન

**- પોપટલાલ પ્રજાપતિ**

સામાન્ય રીતે હવે તો લગ્નજીવનનો પાયો સ્કુલ કે કોલેજ જીવનનમાંથી જ નખાતો હોય છે. ભણતાં ભણતાં વવાયેલું પ્રેમનું બીજ છોડમાં રૂપાંતર થાય છે તેમાંથી કોઈક વટવૃક્ષ બને છે તો મોટા ભાગના છોડ કરમાઈ જાય છે. તુષાર અને તન્વી બચપણના મિત્રો હતા. સી.કે.જી. થી થયેલી મિત્રતા એસ.એસ.સી. બોર્ડ સુધીમાં પ્રેમમાં પલટાઈ. સુરજ કદાચ ઉગવાનું ભૂલી જાય પણ તુષાર તન્વીને એકપણ દિવસ મળ્યા વગર ન ચાલે. સમય જતાં બંને પ્રેમી મટી પતિ-પત્નિ બની ગયા. બંનેના ગૃહસ્થ જીવનનો વિધિવત પ્રારંભ થયો. તુષાર સિવિલ એન્જિનિયર અને તન્વી સોફટવેર એન્જિનિયર હતી. બંનેના ઉંચા પગારની જોબ પણ મળી ગઈ. તેમનું દામ્પત્યજીવન સૌ કોઈને ઈર્ષા થાય તેવું પ્રેમાળ હતું. બંને એકબીજાને ગમતી નાની નાની વાતોનો ખ્યાલ રાખતા. કોઈની લાગણીને ઠેસ પહોંચાડવાની તો વાત જ નહી. બંને સમજદારી પૂર્વક દામ્પત્યજીવનનું જતન કરતા. પણ હંમેશા બનતું આવ્યું છે કે જે વસ્તુની ઝંખના હોય તે વસ્તુ પ્રાપ્ત થાય પછી ધીમે ધીમે તેનો મોહ ઊતરતો જાય છે. તુષાર અને તન્વીના લગ્ન જીવનમાં પણ ધીમે ધીમે અસંતોષના બી રોપાતા ગયા. તુષારને નોકરીમાંથી કાયમ મોડા આવવાની ટેવને લીધે તન્વી ક્યારેક શંકા કરવા લાગી. ક્યારેક તેની ઉલટ તપાસ પણ કરવા લાગી. પરીણામે બંને વચ્ચે અનેકવાર ચકમક ઝરતી. દામ્પત્ય જીવનમાં એકવાર શંકાના બીજ રોપાયા પછી તેને વૃક્ષ બનતાં વાર લાગતી નથી. તુષાર અને તન્વીના તૂ તૂ મૈં મૈંની ચર્ચા શેરીઓમાં થવા માંડી. અને શંકાનું સમાધાન ન થતાં બંનેએ અલગ થવાનો નિર્ણય કર્યો, અને તન્વીને તુષાર પ્રત્યે એટલી નફરત થઈ કે તે એનું મોં પણ જોવા તે માગતી ન હતી. એટલું જ નહીં તુષારને સબક શિખવાડવા માટે તેણે કોર્ટના દ્વારા ખખડાવ્યા. કોર્ટના પિંજરામાં ઉભા રહી તુષારને જે આક્ષેપોનો સામનો કરવો પડ્યો તેનાથી તે હચમચી ગયો. જેના એક એક શબ્દ પર તન્વી પાગલ બની જતી તે તન્વીએ તુષાર પર આક્ષેપ કર્યો હતો. મારો પચિ શરાબ પીવે છે, વ્યભિચારી છે. મને મારઝુડ કરે છે, માનસિક ત્રાસ આપે છે... અને તુષારને પણ બચાવમાં દલીલો કરવી પડી, મારી પત્નિ કઝીયાખોર છે, બદચલન અને અત્યંત ક્રોધી સ્વભાવની છે એની સાથે જીવન ગાળી શકાય તેમ નથી.

થોડા જ વર્ષો પહેલાં બેસ્ટ કપલ ગણાતું આ જોડું એકબીજાને ખતમ કરવા જાણે મેદાને પડ્યું ન હોય? કોઈ લેખકે સાચું જ લખ્યું છે.

આ માણસ પણ ખરા છે, લગ્ન પહેલાં તેઓ પ્રેમ કરવાના સોગંધ ખાય છે અને લગ્ન બાદ સોગંધ ખાવા જેટલો પણ પ્રેમ કરતા નથી. પ્રેમ સંબંધોમાં કોઈને કોઈ સ્વાર્થ હોય જ છે. બિલકુલ નિસ્વાર્થ સંબંધ શોધવા અને આવા સંબંધ ટકાવવા બહુ મુશ્કેલ છે. દરેક સંબંધોની એક આગવી ખાસિયત હોય છે. કેટલાક સંબંધો આત્મિય તો કેટલાક સંબંધોમાં માત્ર વ્યવહારિકતા કે ઔપચારિક્તા હોય છે. કેટલાંક સંબંધો લોકલાજે નિભાવવા પડતા હોય છે. કેટલાક સંબંધો માત્ર તડકા ને ભડાકા કરવા માટે જ હોય છે. હું બેઠો છું. તારે જરાય ચિંતા કરવાની નથી. અને ખરેખર જ્યારે જરૂર પડે ત્યારે આ મહાશય બીજા કામમાં રોકાયેલા હોય કાંતો તેમને શોધવા મુશ્કેલ થઈ પડે. કેટલાક સંબંધો અદ્રશ્ય રહેવા ટેવાયેલા હોય છે અને કોઈપણ જાતના દેખાડા વગર સમય આવે તમારું કામ કરી જાય અને પછી કદી તેની ચર્ચા પણ ન થાય કે હું હોત નહિ ને તારું કામ થાત નહી. આવા સંબંધો કાયમ ટકતા હોય છે કારણ કે તે અપેક્ષા વગરના હોય છે.

માનવીની એ ખાસિયત છે કે જ્યાં સુધી સંબંધો મધુર હોય ત્યાં સુધી સામેનું પાત્ર સર્વગુણ સંપન્ન દેખાય છે. તેના દોષોને પણ તે નવાજે છે. ક્ષતિઓ સામે આંખ આડા કાન કરે છે. પણ જ્યાં સંબંધમાં તિરાડ પડે પછી તેને બધુ ખરાબ જ લાગે છે. માણસનું મન જ્યાં સુધી સ્વચ્છ હોય ત્યાં સુધી સંબંધોની પવિત્રતા જળવાય છે. પણ જ્યાં વિચારોમાં મલિનતા પ્રવેશ કરે પછી સારું પણ ખોટું દેખાય છે.

સંબંધો તુટ્યા પછી તેના મરશિયા ન ગવાય. પણ એ તૂટેલી ક્ષણો પહેલાની સ્મૃતિઓને વાગોળી સંબંધને ફરી નવપલ્લવિત કરવા પ્રયત્ન કરવો જોઈએ. કેવળ દુ:ખદ ક્ષણોને જ જીવંત રાખવા પ્રયત્ન કરીશું તો અગાઉનો તમારો પ્રેમ એક ભ્રમ હતો તે પુરવાર થશે. એકવાર જેને પોતાનો ગણ્યો તેની સાથે કોઈ કારણસર સંબંધ બગડે તે જ ક્ષણથી તે વ્યક્તિ ખરાબ થઈ જતી નથી.

એક પિતાએ તેના પુત્રને કહ્યું, જ્યારે તુ પ્રેમમાં હતો ત્યારે મેં તને પુરી આંખો ઉઘાડી રાખવાનું કહેલું આજે તારા લગ્ન છે. હું તને કહું છું કે તુ આંખો અડધી ઉઘાડી રાખજે. ખુલ્લી આંખે કોઈને માપી લીધા પછી તેના પર સંપૂર્ણ ભરોસો મૂકી દેવો પડે પછી તેની ચોકી ન કરાય.. સંબંધોમાં શંકાનો પ્રવેશ થાય પછી સંબંધોને ઉધઈ લાગે છે. જેના પર એકવાર ભરોસો મૂક્યો તેને નિભાવવાની ક્ષમતા કેળવવી જ રહી. સંબંધોને માણવા માટે ચોઘડીયા જોવા પડતા નથી પણ એને પરિપક્વ બનાવવા માટે જાતે જ પ્રસંગો ઉભા કરવા પડે છે. આપણે ત્યાં કહેવત છે કે રાજાને ગમી તે રાણી, ભલે છાણાં વિણતા આણી, શેક્સપિયર એક ખેડૂત પુત્રીને ચાહતો હતો તેની સાથે તેણે લગ્ન કર્યા અને સુખી થયો. વોશિંગ્ટન બે છોકરાવાળી એક વિધવાને પરણ્યો હતો અને સુખી હતો. જોન હાવર્ડ પચીસ વર્ષનો હતો ત્યારે એક પરિચારીકા સાથે લગ્ન કર્યા હતા. પરિચારીકાની ઉંમર ૫૨ વર્ષની હતી. લ્યૂથર પોતાની પત્નિ વિશે કહેતો કે મારી ગરીબીના બદલામાં મારી પત્નિ વિનાનો કુબેર ભંડાર પણ હું ના સ્વીકારું. લગ્નજીવન સુખી કરવા માટે પતિ-પત્નિની વૈચારિક ભૂમિકા સરખી હોવી જોઈએ પતિ મોજીલો અને રંગીન સ્વભાવનો હોય અને પત્નિ સંસ્કારી હોય તો પણ બંને વચ્ચે મેળ જામે જ નહીં. મેળ વગરના સંબંધો ક્યારે તૂટી પડે તે કહેવાય નહીં.

આપણા સંબંધો ક્ષણમાં બંધાય છે અને ક્ષણમાં ગંધાય છે કોઈ કવિએ સાચે જ કહ્યું છે :

'કચ્ચે લખિયે કી તરહ રીશ્તે ઉઘડ જાતે હૈ,
લોગ મીલતે હૈ મગર મિલ કે બિછડ જાતે હૈ'

બગીચાના એકાદ ખૂણે ઝાડના છાંયડે એક પ્રેમી યુગલ પોતાની આગવી મસ્તીમાં મશગુલ હતું તેની બરાબર સામે પણ થોડે દૂર એક બાંકડા પર દાદાજી બેઠા હતા. તેમની નજર આ યુગલ પર મંડાયેલી હતી... સતત... અપલક નજરે તે આ યુગલને જોઈ રહ્યા હતા. છેલ્લે જતા જતા યુગલે દાદાજીને પૂછ્યું દાદા, તમે કોઈને પ્રેમ કર્યો હતો? દાદા કહે હા બેટા, તમને જોઈ મારી જવાની યાદ આવી ગઈ. આજ રીતે અમે પાગલ બની એકબીજામાં ખોવાઈ જતા... પછી તો પરિસ્થિતિવશ અમે અલગ થઈ ગયા. અમે એક ન બની શક્યા. પણ અમારો પ્રેમ જીવંત હતો. સમય વિત્યો.. મારી પ્રેમિકા ગુજરી ગઈ.. પણ તે હૃદયથી ક્યારેય અળગી થઈ નથી. તેની યાદ હજુ વિસરાતી નથી. તે મારા જીવનનો હિસ્સો બની ગઈ છે. અને એટલું બોલી દાદાએ પાંપણો ઢાળી દીધી પણ બંધ પાંપણોની ભીતરમાંથી બે અશ્રુ બિંદુ ટપકી પડ્યા.. દાદા મૌન થઈ ગયા.. અને પ્રેમી યુગલને સૌ પ્રથમવાર પ્રેમનો મર્મ સમજાયો..